મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY), મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના, અનુસૂચિત જનજાતિ તેમજ અનુસુચિત જાતિના પાત્રતા ધરાવતા અને ફ્રી શીપ કાર્ડ વગેરેનો લાભ મેળવતા અને રાજ્યની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રાજ્યમાં ગ્રામીણ સેવાઓ બજાવવા સબબ બોન્ડ આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૧૯/એસએફએસ-૨૬/જ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૦૮/૨૦૧૯.

**વંચાણે લીધાઃ-**

(૧) ભૂતપૂર્વ પંચાયત અને આરોગ્ય વિભાગના તા.૩૦.૦૫.૧૯૭૨ના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી/૧૨૭૨/૩૬૩૪/ન

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૧.૦૬.૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક. બી.એન.ડી/૧૦૮૬/૧૭૦૦/જ

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭.૦૭.૧૯૯૩ના ઠરાવ ક્રમાંક એમ.સી.જી/૧૦૯૨/૫૧૧૧/જ

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮.૦૫.૨૦૦૭ના ઠરાવ ક્રમાંક.એમ.સી.જી/૧૦૧૭/૧૪૧/જ

(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૨૮.૦૬.૨૦૧૩ના ઠરાવ ક્રમાંક એમ.સી.જી/૧૦૧૩/એસ.એફ.એસ ૫૪/જ

(૬) શિક્ષણ વિભાગના તા. ૨૧/૮/૨૦૧૩ના ઠરાવ ક્રમાંકઃસસક/૧૦૧૩/૫૪૯/છ

(૭) શિક્ષણ વિભાગના તા. ૧૬/૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃઅજજ/૨૦૧૪/૫૧/ખ-૧

(૮) શિક્ષણ વિભાગના તા. ૭/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

(૯) શિક્ષણ વિભાગના તા. ૪/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃપરચ/ ૧૦૨૦૧૪/યુઓઆર-૬/સ

(૧૦) શિક્ષણવિભાગના તા.૧૯/૭/૨૦૧૭ ના ઠરાવક્રમાંકઃએમવાયએસવાય/૧૨૧૭/૬૮૧/ખ

(૧૧) કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણની તાઃ૨૫/૦૩/૨૦૧૯ ની સીંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ દરખાસ્ત

પાના૭ળ

(૧૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૪.૦૮.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી./૧૦૧૯/એસએફએસ-૨૬/જ

<u>આમુખ:-</u>

રાજ્યની સરકારી મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે વિભાગના સંદર્ભ-૧ના તા:૩૦/૦૫/૧૯૭૨ના ઠરાવથી એમ.બી.બી.એસ. નો અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ગુજરાત રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૨ વર્ષની ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ રૂ.૫,૦૦૦/-ની બોન્ડની નીતિ અમલમાં આવેલ. સમયાંતરે ઉક્ત રકમમાં ફેરફાર કરી સંદર્ભ-૨ ના તા:૧૧/૦૬/૧૯૮૬ના ઠરાવથી ૨ વર્ષની ગ્રામ્ય સેવા સબબ રૂ.૨૫,૦૦૦/-નો બોન્ડ આપવાનું નિયત કરવામાં આવેલ. ત્યારબાદ સંદર્ભ-૩ ના તા:૨૭/૦૭/૧૯૯૩ ના ઠરાવથી ત્રણ વર્ષની ગ્રામ્ય સેવાઓ (૧ વર્ષ આદિવાસી વિસ્તારની સેવાઓ સહિત) બજાવવા બાબતે રૂ.૭૫,૦૦૦/-નું બોન્ડ આપવાનું નિયત કરવામાં આવેલ. ત્યારબાદ સંદર્ભ-૪ના તા:૧૮/૦૫/૨૦૦૭ ના ઠરાવથી બોન્ડની રકમ વધારી રૂ.૧,૫૦,૦૦૦/- આપવાનું નિયત કરવામાં આવેલ. ત્યારબાદ આ.પ.ક.વિ.ના સંદર્ભ-૫ ના તા:૨૮/૦૬/૨૦૧૩ ના ઠરાવથી એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ માટે ત્રણ વર્ષની ગ્રામ્ય સેવા માટે રૂ.૫,૦૦,૦૦૦/- લાખના બોન્ડની જોગવાઇ કરવામાં આવેલ છે. અને છેલ્લે તા:૧૪/૦૮/૨૦૧૯ના ઠરાવથી ગ્રામ્ય સેવાની અવધિ એક વર્ષ અને બોન્ડની રકમ રૂ.૨૦ લાખ કરવામાં આવેલ છે.

રાજય સરકારે સરકારી મેડીકલ કૉલેજો ઉપરાંત જી.એમ.ઇ.આર.એસ. મેડીકલ કૉલેજો, આરોગ્ય નીતિ-૨૦૧૬ અંતર્ગત બ્રાઉન ફિલ્ડ અને ગ્રીન ફિલ્ડ મેડીકલ કૉલેજોની સ્થાપના કરીને એમ.બી.બી.એસ.ની બેઠકોમાં માતબર વધારો કરેલ છે. આ મેડીકલ કૉલેજો તેમજ અન્ય સ્વનિર્ભર મેડીકલ કૉલેજોમાં રાજય સરકારના વિવિધ વિભાગોની વિવિધ યોજનાઓનો લાભ લઇ વિદ્યાર્થી ફી રાહત અથવા ફી માફી મેળવે છે તેમના વતી રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ અને શિક્ષણ વિભાગ દ્વારા આ ફી ભરવામાં આવે છે. આમ, સંપૂર્ણ અથવા તો આંશિક સરકારી સહાયથી ફી માફી અથવા તો ફી માં રાહત મેળવીને એમ.બી.બી.એસ.નો અભ્યાસ પૂર્ણ કરતા વિદ્યાર્થીઓ પાસેથી ગરીબ દર્દીઓના હિતમાં એક વર્ષની ગ્રામીણ સેવા બજાવવાની સરકારની અપેક્ષા સંપૂર્ણ યોગ્ય અને વાજબી છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ સંદર્ભ -૭ ના તા.૭/૧૦/૨૦૧૫ ઠરાવથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલી બનેલ છે જે અન્વયે ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૦ કે તેથી વધુ પર્શન્ટાઇલ મેળવનાર વિદ્યાર્થીઓ અને રૂા. ૪,૫૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતાં વાલીઓના સંતાનોને સ્નાતક કક્ષાના મેડીકલના સરકાર માન્ય સંસ્થાના

સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે નિયત થયેલ વાર્ષિક ટ્યુશન ફીની ૫૦ ટકા રકમ અથવા રૂ. ૨,૦૦,૦૦૦/- તે બે પૈકી જે ઓછુ હોય તેટલી સહાય દર વર્ષે મળવાપાત્ર થાય છે. ઉક્ત ઠરાવમાં તા:૦૪/૦૬/૨૦૧૬ ના વંચાણે લીધેલ સંદર્ભ -૮ થી સુધારો કરીને ગુજરાતમાંથી ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્શન્ટાઇલ મેળવનાર વિધાર્થીઓ અને રૂ.૬,૦૦,૦૦૦/- સુધીની વાર્ષિક આવક ધરાવતાં વાલીઓના સંતાનો સહાય મેળવવા માટે લાયક ગણાવા ઠરાવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ-૯ ના તા.૧૯/૭/૨૦૧૭ના ઠરાવથી મેડીકલ અભ્યાસક્રમોની વિધાર્થીનીઓને માન. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ માન્ય તમામ મેડીકલ શિક્ષણની વિધાર્થીનીઓને કુલ ટયુશન ફી રૂ. ૬.૦૦ લાખની મર્યાદા પૈકી આ યોજના હેઠળ હાલ મળવાપાત્ર ટયુશન ફીની રકમ સિવાયની બાકી રહેતી ટયુશન ફીની રકમ મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ માંથી આપવા ઠરાવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ-૧૦ના તા.૧૬/૬/૨૦૧૪ના ઠરાવ રાજ્યમાં અનુસુચિત જન-જાતિના વિધાર્થીઓ પોષ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં વાર્ષિક રૂ. ૨.૫૦ લાખની આવક ધરાવતાં વાલીઓના સંતાનોને ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે. શિક્ષણ વિભાગના સંદર્ભ-૧૧ના તા. ૨૧/૮/૨૦૧૩ના ઠરાવથી રાજ્યમાં અનુસુચિત જાતિના વિધાર્થીઓ પોષ્ટ મેટ્રીક સ્કોલરશીપમાં વાર્ષિક રૂ.૨.૫૦ લાખની આવક ધરાવતાં વાલીઓના સંતાનોને ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે.

રાજ્યના અંતરિયાળ, દુર્ગમ, પછાત તથા આદિજાતિ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ દર્દીઓની સેવા માટે પૂરતા પ્રમાણમાં ડોકટરો ઉપલબ્ધ થતા નથી. જેથી પછાત વિસ્તારોના દર્દીઓની આરોગ્ય વિષયક સેવાઓ પર વિપરીત અસરો પડે છે. આ પરિસ્થિતિને નિવારવા માટે રાજ્ય સરકારની ઉક્ત વિવિધ યોજનાઓનો લાભ લઇ જે વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તેઓને ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ સરકારી મેડીકલ કોલેજોમાં અભ્યાસ કરતાં યુ.જી.ના વિધાર્થીઓ પાસેથી બોન્ડ લેવામાં આવે છે તે જ રીતે રાજયની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતાં અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના તેમજ અનુસુચિત જન જાતિ તથા અનુસુચિત જાતિના યોગ્યતા ધરાવતા વિધાર્થીઓને ફ્રી શીપ કાર્ડ વગેરે યોજનાઓનો લાભ મેળવતાં વિધાર્થીઓ પાસેથી રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ બોન્ડ લેવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે જી.એમ.ઇ.આર.એસ. સંચાલિત કોલેજો, રાજયની આરોગ્ય નીતિ-૨૦૧૬ અંતર્ગત રાજયમાં સ્થાપવામાં આવેલ કે સ્થાપવામાં આવનાર બ્રાઉન ફિલ્ડ / ગ્રીન ફિલ્ડ મેડીકલ કોલેજો તથા સ્વનિર્ભર મેડીકલ કોલેજો સહિત તમામ મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતાં અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા

પા.ત.ઉ

કેળવણી નિધિ યોજના, અનુસુચિત જન જાતિ તેમજ અનુસુચિત જાતિના પાત્રતા ધરાવતા ફ્રી શીપ કાર્ડ નો લાભ મેળવતા વિધાર્થીઓ અને રાજ્યની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રાજ્યમાં ગ્રામીણ સેવાઓ બજાવવા સબબ બોન્ડ લેવા નીચેની શરતોને આધિન ઠરાવવામાં આવે છે.

શરતો:-

(૧) એમ.બી.બી.એસ. ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ તેઓ અભ્યાસક્રમ પૂર્ણ કરે તે પછી રાજ્ય સરકારની ઓછામાં ઓછી એક વર્ષની ગ્રામ્ય સેવાઓ બજાવવાની બાંહેધરી રૂપે મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવે તે સમયે જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજો માટે મેડીકલ કોલેજના ડીનશ્રીને તથા અન્ય સ્વનિર્ભર મેડીકલ કોલેજો માટે અધિક નિયામક, તબીબી શિક્ષણ અને સંસોધન, ગાંધીનગરને રૂા.૨૦.૦૦ લાખ (અંકે રૂપિયા વીસ લાખ)નો બોન્ડ રજૂ કરવાનો રહેશે.

(૨) રાજ્ય સરકારની ઓછામાં ઓછી એક વર્ષ એટલે કે કામકાજના પૂરા ૩૬૫ દિવસ (જાહેર રજાઓ સાથે) ની ગ્રામ્ય સેવાઓ બજાવવાની રહેશે. અન્ય કોઇપણ પ્રકારની રજાઓને બોન્ડના સમયગાળા માટે ગણતરીમાં લેવાની રહેશે નહીં અને જાહેર રજાઓ સિવાયની અન્ય રજાઓ ભોગવે તો ભોગવેલ રજાના સમયગાળા જેટલો બોન્ડની સેવાનો સમયગાળો લંબાવવાનો રહેશે.

(૩) બોન્ડની રકમ રૂા.૨૦.૦૦ લાખની સામે રૂા.૫.૦૦ લાખની બેન્ક ગેરન્ટી અથવા રૂા.૫.૦૦ લાખની કિંમત ધરાવતી મિલકતની ગેરેન્ટી આપવાની રહેશે. ઉક્ત બેંક ગેરન્ટી / મિલકત ગેરન્ટીનો વેલીડીટી પિરિયડ ૭ વર્ષનો રહેશે તેમજ જરૂર જણાયે તેની વેલીડીટી લંબાવવાની રહેશે.

(૪) બોન્ડ માટે સંબંધિત વિદ્યાર્થીએ બેન્ક ગેરન્ટી તરીકે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેન્કની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂ.૪૦.૦૦ કરોડ (રૂપિયા ચાલીસ કરોડ) થી વધુ ડિપોઝિટ ધરાવતી રાજ્યની કોઈપણ શિડ્યુલ બેંકોની અથવા છેલ્લા સતત ત્રણ વર્ષથી રૂ.૪૦.૦૦ કરોડ (રૂપિયા ચાલીસ કરોડ) થી વધુ ડિપોઝિટ ધરાવતી રાજ્યની કોઈપણ નાગરીક સહકારી બેંકની બેંક ગેરન્ટી આપવાની રહેશે.

(૫) બોન્ડની રકમ (રૂા.૨૦.૦૦ લાખ) અને બેન્ક ગેરન્ટીની રકમ (રૂા.૫.૦૦ લાખ) ના તફાવત જેટલી રકમ એટલે કે રૂા.૧૫.૦૦ લાખ માટે રૂા.૩૦૦/- ના નોટરાઇઝડ સ્ટેમ્પ પેપર પર બાંહેધરી આપવાની રહેશે. **અથવા** બોન્ડની રકમ (રૂા.૨૦.૦૦ લાખ) અને મિલકત ગેરન્ટીની રકમ (રૂા.૫.૦૦ લાખ) ના તફાવત જેટલી રકમ એટલે કે રૂા.૧૫.૦૦ લાખ માટે રૂા.૩૦૦/- ના નોટરાઇઝડ સ્ટેમ્પ પેપર પર બાંહેધરી આપવાની રહેશે.

(૬) ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજોમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓએ હાલ તેઓ મુખ્ય કારોબારી અધિકારી, જી.એમ.ઇ.આર.એસ.ના તા.૬/૭/૨૦૧૫ના પત્રથી જી.એમ.ઇ.આર.એસ.ની હોસ્પિટલોમાં એક વર્ષની સેવા બજાવવાની બાંહેધરી રૂપે રૂા.૨ લાખ (અંકે રૂપિયા બે લાખ) નો બોન્ડ રજૂ કરે છે. આથી ઉપર્યુક્ત શરત (૧) મુજબ રૂા.૨૦ લાખ (અંકે રૂપિયા વીસ લાખ)નું બોન્ડ રજુ કરનાર વિદ્યાર્થીઓને જી.એમ.ઈ.આર.એસ.ના રૂા.૨ લાખ (અંકે રૂપિયા બે લાખ)ની બોન્ડ બાંહેધરીમાંથી મુક્તિ આપવામાં આવે છે. પરંતુ તે સિવાયના વિદ્યાર્થીઓ જેઓએ ફી કમિટિ દ્વારા નિર્ધારિત ફી ભરેલ હોય તેઓ સરકાર નિયુક્ત કરે ત્યાં એક વર્ષની સેવા બજાવવાની બાંહેધરી રૂપે રૂ.૨ લાખ અથવા જી.એમ.ઇ.આર.એસ. વખતો વખત ઠરાવે તે રકમનું બોન્ડ રજુ કરવાનું રહેશે.

(૭) જે વિદ્યાર્થી અતિ ગરીબ હોય અને તેના મા-બાપ કે પરિવાર પાસે કોઇ મિલકત ન હોય કે બેંક ગેરંટીની ક્ષમતા ન હોય તેવા વિદ્યાર્થીને ખાસ કિસ્સામાં નિયત બેન્ક ગેરંટી અથવા મિલકત ગેરંટી રજૂ કરવામાંથી મુક્તિ મળી શકશે. જે અંગેની સત્તા સરકારશ્રીની રહેશે. આવા વિદ્યાર્થીઓએ રૂા.૨૦.૦૦ લાખની બોન્ડની બાંહેધરી (undertaking) રૂા.૩૦૦/- (રૂપિયા ત્રણસો) ના નોટરાઇઝ્ડ સ્ટેમ્પ પેપર પર આપવાની રહેશે.

(૮) આ ઠરાવ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ તથા ઉપર દર્શાવેલી યોજનાઓનો લાભ લઈ હાલમાં જુદી જુદી કોલેજોમાં અભ્યાસ કરતાં ચાલુ વિદ્યાર્થીઓ માટે અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.જી.વણઝારા)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(આ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પ.ક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-ઈડીપી સેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.

પાનાં૭/

- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવા / જાહેર આરોગ્ય / પરિવાર કલ્યાણ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(ડેન્ટલ), અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જી.એમ.ઈ.આર.એસ., ગાંધીનગર.
- તબીબી અધિક્ષકશ્રી, સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- અમદાવાદ, વડોદરા , જામનગર, રાજકોટ ,સુરત, ભાવનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ/ડેન્ટલ કોલેજ, અમદાવાદ વડોદરા, જામનગર, રાજકોટ, સુરત, ભાવનગર.
- તબીબી અધિક્ષકશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.
- ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- રાજયની તમામ સ્વનિર્ભર મેડીકલ કોલેજો.
- પસંદગી ફાઈલ-૨૦૧૯.